# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ભારત નીતિગત સ્થિરતાથી નીતિગત સક્રિયતા સુધી આગળ વધ્યો.
2. મધ્યપ્રદેશના સાગર જિલ્લામાં ઝેરી પીણુ પીવાથી નવ લોકોના મોત 35 સારવાર હેઠળ.
3. નેપાળમાં, વિનાશક પૂરમાં મૃત્યુઆંક 1 હજાર 344 થયો જ્યારે 590 વિદેશી નાગરિકો સહિત પાંચ હજાર લોકો હજુ પણ ગુમ.
4. ઇજિપ્તમાં ટેલિવિઝન પ્રસ્તુતકર્તા સારાહ ખલીફા સહિત 12 લોકોને માદકપદાર્થની તસ્કરી બદલ મૃત્યુદંડની સજા.
5. કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ સુરતમાં નશા-મુક્ત યુવા" થીમ હેઠળ 'ફિટ ઈન્ડિયા' 'સન્ડે ઓન સાયકલ' કાર્યક્રમમાં ભાગ લીધો.
6. બેડમિન્ટનમાં ભારતના સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી ત્રીજી વખત ચાઇના માસ્ટર્સની ફાઇનલ રમશે.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM – SRCC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે ભારતનો ત્રિમાસિક GDP વૃદ્ધિ દર 7.8 ટકા છે જે તેની આર્થિક શક્તિ દર્શાવે છે. તેમણે કહ્યું કે ભારત નીતિગત સ્થિરતાથી નીતિગત સક્રિયતા સુધી ઘણો આગળ વધ્યો છે. નવી દિલ્હીમાં શ્રી રામ કોલેજ ઓફ કોમર્સના શતાબ્દી સમારોહમાં સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે વિશ્વ ભારતને સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર તરીકે જોઈ રહ્યું છે.

(BYTE – PM ON GDP)

પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે એપ્રિલ અને જૂન વચ્ચે વીજ ઉત્પાદનમાં 9 ટકાનો વધારો થયો છે. તેમણે નોંધ્યું હતું કે આ સમયગાળા દરમિયાન કુલ વાહનોના વેચાણમાં 20 ટકાથી વધુનો વધારો થયો છે, જેમાં ટુ-વ્હીલરમાં 20 ટકા અને થ્રી-વ્હીલરમાં લગભગ 30 ટકાનો વધારો શામેલ છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે શ્રી રામ કોલેજ ઓફ કોમર્સે વિદ્યાર્થીઓની પેઢીઓને શીખવા, વિકાસ કરવા અને પરિવર્તન લાવવાની તક પૂરી પાડી છે. શ્રી મોદીએ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ખૂબ જ વિશિષ્ટ અને અગ્રણી ગણાવ્યા.

# AMIT SHAH - GOA

ગૃહમંત્રી અમિત શાહ આજે ગોવામાં પશ્ચિમ ઝોનલ કાઉન્સિલની 28મી બેઠકની અધ્યક્ષતા કરશે. તેઓ ગૃહ મંત્રાલયની બેઠકની અધ્યક્ષતા કરશે અને મીડિયાને સંબોધિત કરશે. શ્રી શાહ ભારતીય જનતા પાર્ટીના નવા રાજ્ય કાર્યાલયનું ઉદ્ઘાટન પણ કરશે. શ્રી શાહ ગઈકાલે ત્રણ દિવસની મુલાકાતે ગોવા પહોંચ્યા હતા.

# DINESH SHARMA

ભાજપના રાજ્યસભા સાંસદ દિનેશ શર્માને આંદામાન અને નિકોબાર ટાપુઓના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ડૉ. શર્મા એડમિરલ ડી.કે. જોશી (નિવૃત્ત)નું સ્થાન લેશે, જેમણે 8 ઓક્ટોબર, 2017 ના રોજ આંદામાન અને નિકોબાર ટાપુઓના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે કાર્યભાર સંભાળ્યો હતો.

62 વર્ષીય ડૉ. શર્મા અગાઉ ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે. તેમનો રાજ્યસભાનો કાર્યકાળ 25 નવેમ્બરના રોજ સમાપ્ત થવાનો હતો. ગઈકાલે મોડી રાત્રે જારી કરાયેલા રાષ્ટ્રપતિ ભવનના એક જાહેરનામામાં કહેવામાં આવ્યું છે કે ડૉ. શર્માની નિમણૂક તે તારીખથી અમલમાં આવશે જે તારીખથી તેઓ તેમના પદનો કાર્યભાર સંભાળશે.

# IBRICS SUMMIT

નવી દિલ્હીમાં યોજાનાર IBRICS સમિટમાં 500 થી વધુ સંસ્થાકીય રોકાણકારો, નાણામંત્રીઓ અને ઉદ્યોગપતિઓ હાજરી આપશે. આ કાર્યક્રમ BRICS સમિટના સમાંતર યોજાશે. આ સમિટનો ઉદ્દેશ્ય 21 BRICS સભ્ય દેશો અને ભાગીદાર દેશોમાં વિશ્વસનીય માળખાગત સુવિધાઓ, ઊર્જા અને ડિજિટલ ક્ષમતા પ્રોજેક્ટ્સ માટે સાર્વભૌમ મૂડીનો ઉપયોગ કરવાનો છે. આ સમિટમાં સરહદ પાર રોકાણો, નોન-ડોલર સમાધાનો અને ચુકવણી પ્રણાલીઓની ચર્ચા કરવામાં આવશે. ભારતની UPI ચુકવણી પ્રણાલી અને બ્રાઝિલની PIX ચુકવણી પ્રણાલીના એકીકરણ તેમજ ડિજિટલ કરન્સીમાં વેપાર પર પણ ચર્ચા થવાની શક્યતા છે.

ભારતની અધ્યક્ષતામાં 18મી BRICS સમિટ 12 અને 13 સપ્ટેમ્બરે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાશે. આમંત્રિત મહેમાનો પણ સમિટમાં હાજરી આપશે. આ પરિષદ "સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહયોગ અને ટકાઉપણું માટે નિર્માણ" થીમથી પ્રેરિત છે, જે માનવતા પ્રથમની ભાવના પર આધારિત પ્રધાનમંત્રીના લોકો-કેન્દ્રિત અભિગમને પ્રતિબિંબિત કરે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MP- SPORIOUS LIQUOR

મધ્યપ્રદેશના સાગર જિલ્લામાં ઝેરી પીણુ પીવાથી નવ લોકોના મોત થયા અને 35 અન્ય લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા.

અહેવાલ અનુસાર, સારવાર હેઠળ રહેલા કેટલાક લોકોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે અને તેમને બુંદેલખંડ મેડિકલ કોલેજ અને સાગરની જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટર પ્રતિભા પાલે જણાવ્યું કે આજે સવારથી ગેરકાયદેસર દારૂના સેવનથી કથિત બીમારીઓ અને મૃત્યુના અહેવાલો પ્રાપ્ત થયા છે, અને સિવિલ હોસ્પિટલમાં તપાસ ચાલી રહી છે. નૌરા અને ધુગરુ ગામો સહિત અસરગ્રસ્ત વિસ્તારોમાં તબીબી ટીમો અને અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા છે, પોલીસે આ બનાવ અંગે તપાસ શરૂ કરી છે. પોલીસ અધિકારીએ કહ્યું કે મૃત્યુનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ પછી જ જાણી શકાશે.

# NEPAL FLOOD

નેપાળમાં, વિનાશક પૂરમાં મૃત્યુઆંક 1 હજાર 344 છે, જ્યારે 590 વિદેશી નાગરિકો સહિત લગભગ 5 હજાર લોકો હજુ પણ ગુમ છે. અત્યાર સુધીમાં 13 હજાર 100 થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. નુવાકોટ જિલ્લામાં 10 દિવસ સુધી કાદવ અને કાટમાળ નીચે ફસાયેલા 60 વર્ષીય મહિલાને જીવતી બચાવી લેવામાં આવી છે.

અધિકારીઓને મૃતકોની ઓળખ કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, જેમાં ઘણા કિસ્સાઓમાં ડીએનએ પરીક્ષણનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

# EGYPT DEATH SENTENCE

ઇજિપ્તની એક કોર્ટે ટેલિવિઝન પ્રસ્તુતકર્તા સારાહ ખલીફા સહિત 12 લોકોને માદકપદાર્થની તસ્કરી બદલ મૃત્યુદંડની સજા ફટકારી છે.

બધા આરોપીઓને ફાંસીની સજા ફટકારવાનો આદેશ આપવામાં આવ્યો છે. કોર્ટે તારણ કાઢ્યું છે કે આરોપીઓ એક ગુનાહિત ટોળકી ચલાવી રહ્યા હતા જે માદકપદાર્થના ઉત્પાદન અને વેચાણ માટે કાચા માલની આયાત કરતાં હતા. આરોપીઓ પાસે ગેરકાયદેસર હથિયારો પણ હોવાનું જાણવા મળ્યું છે. સારાહ ખલીફાએ પોતાની સામેના તમામ આરોપોને નકારી કાઢ્યા છે.

ઇજિપ્તના કાયદા અનુસાર, મૃત્યુદંડની સજાને અંતિમ સ્વરૂપ આપતા પહેલા ગ્રાન્ડ મુફ્તીની ધાર્મિક મંજૂરી ફરજિયાત છે. આ મંજૂરી મળ્યા પછી, સજાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું. જો કે, આરોપીઓને હજુ પણ ચુકાદા સામે અપીલ કરવાનો અધિકાર છે.

# CYCLOTHON- SURAT –VADODARA

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં "વિકસિત ભારત માટે ડ્રગ-મુક્ત યુવા" થીમ હેઠળ હજારો યુવાનો સાથે 'ફિટ ઈન્ડિયા' 'સન્ડે ઓન સાયકલ' કાર્યક્રમમાં ભાગ લીધો.

પત્રકારો સાથે વાત કરતા, કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે, "સન્ડે સાયકલિંગ'ની 89મી આવૃત્તિમાં વિકસિત ભારત માટે ડ્રગ-મુક્ત યુવા પેઢીનો સંદેશ ફેલાવવા માટે આજે દેશભરમાં 25 હજાર થી વધુ સ્થળોએ યુવાનોએ 'સન્ડે સાયકલિંગ'માં ભાગ લીધો હતો."

(BYTE – MANSUKH MANDAVIYA)

દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાત પહેલા અઠવાડિયા સુધી ચાલનારા કાર્યક્રમોના ભાગ રૂપે, 'નમો ફોર વિકસિત ભારત' કાર્યક્રમ હેઠળ વડોદરામાં સ્વચ્છતા સાયક્લોથોનનું આયોજન કરાયું હતું. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત, રેલીમાં સ્વચ્છતા, સ્વસ્થ જીવન, પર્યાવરણ સંરક્ષણ અને રહેવાસીઓમાં નાગરિક ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

# IRAN ATTACK

ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના નૌકાદળ દળે દાવો કર્યો છે કે તેમણે વ્યૂહાત્મક હોર્મુઝ સ્ટ્રેટમાં અનધિકૃત માર્ગ તરીકે વર્ણવવામાં આવેલા ત્રણ તેલ ટેન્કરો તેમજ  અમેરિકા સાથે જોડાયેલા ત્રણ જહાજો પર હુમલો કર્યો હતો. અમેરિકાએ પર્સિયન ગલ્ફ અને ઓમાન સમુદ્રમાં ત્રણ ઈરાની તેલ ટેન્કરો પર હુમલો કર્યાના અહેવાલ બાદ આ ઘટના બની છે.

# IRAN-ROAD ACCIDENT

પશ્ચિમ ઈરાનમાં એક ઈંધણ ટેન્કરમાં વિસ્ફોટ થતાં ૧૧ લોકોના મોત અને સાત અન્ય ઇજાગ્રસ્ત થયા. ઈરાનના કુર્દિશ શહેર સાનંદજ ટ્રાફિક પોલીસ સ્ટેશન નજીક એક ટેન્કર અનેક કાર સાથે અથડાયું અને તેમાં આગ લાગી હતી. અહેવાલમાં ખામીયુક્ત બ્રેક સિસ્ટમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઇજાગ્રસ્તને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

# BADMINTON

બેડમિન્ટનમાં ભારતના સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી ત્રીજી વખત ચાઇના માસ્ટર્સની ફાઇનલમાં પહોંચ્યા છે. વિશ્વની 5મી ક્રમાંકિત જોડીએ સેમિફાઇનલમાં મલેશિયાના નૂર મોહમ્મદ અઝરીન અયુબ અને તાન વી કિઓંગને 21-15, 18-21, 21-11થી હરાવ્યા હતા.

આ ભારતીય જોડી આજે ફાઇનલમાં ચીનના હી જી ટિંગ અને રેન ઝિયાંગ યુનો સામે ટકરાશે.